*If you want to fly, We provide wings...*

ICE®

# TRENDING CURRENT

TOPIC 39

## બિમ્સ્ટેક સંમેલન




- ચર્ચામાં શા માટે ?
- સંમેલન વિશે :-
- બિમ્સ્ટેક વિશે :-

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

TOPIC-39નો
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in
t.me/icerajkotofficial
9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં 13 ફેબ્રુઆરી 2020ના રોજ નવી દિલ્હીમાં ડ્રગ (માદક દ્રવ્ય)ની હેરફેર પર પ્રતિબંધ મૂકવાના હેતુથી બે દિવસીય બિમ્સ્ટેક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનનું ઉદ્‌ઘાટન કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહે કર્યું હતું.
- BIMSTEC = Bay of Bengal Initiative for Multi-sectoral Technical and Economic Cooperation.

## સંમેલન વિશે :-

- નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો દ્વારા આ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. નાર્કોટિક્સ બ્યુરો એ ગૃહ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય ડ્રગની હેરફેરને કાબૂમાં લેવાનો છે.
- આ સંમેલનમાં ભારત સહિત, બાંગ્લાદેશ, મ્યાનમાર, ભૂટાન, નેપાળ, થાઈલેન્ડ અને શ્રીલંકા એ ભાગ લીધો હતો.
- આ સંમેલનમાં તમામ સભ્ય દેશોને ડ્રગ હેરફેરના વધતા જતા જોખમો અને વિવિધ દેશો દ્વારા અપનાવવામાં આવેલી શ્રેષ્ઠ પદ્ધતિઓથી શીખીને આ જોખમોને દૂર કરવા માટેના સામૂહિક પગલાઓની ચર્ચા કરવામાં આવી હતી.
- કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહે જણાવ્યું હતું કે સરકારે ડ્રગ હેરફેર અને તેના વેપારને નિયંત્રિત કરવાની નીતિ બનાવી છે.
- આ સંમેલનમાં સરકારે એવો વિચાર રજૂ કર્યો હતો કે સમગ્ર વિશ્વમાં ડ્રગની હેરફેરને રોકવા માટે એક થવું જરૂરી છે અને ભારત આ કાર્યમાં વિશ્વનું નેતૃત્વ કરવા તૈયાર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- સરકારના માદક દ્રવ્ય સંબંધી અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે વિશ્વની કુલ વસતીના 5% લોકો ડ્રગની અસરથી પીડાય છે જે ગંભીર ચિંતાનો વિષય છે.
- ભારત સરકારે આ સમસ્યાનું નિરાકરણ લાવવા માટે કાર્યરત વિવિધ એજન્સીઓમાં અમલીકરણ અને સંકલન પ્રવૃત્તિઓને મજબૂત કરવા અનેક પહેલ કરી છે.

## બિમ્સ્ટેક વિશે :-

- બિમ્સ્ટેક એ બંગાળની ખાડીમાં વસતા સાત દેશોનું સંગઠન છે.
- બિમ્સ્ટેકનો મુખ્ય ઉદ્દેશ બંગાળની ખાડીમાં રહેલા દેશો વચ્ચે ટેક્નિકલ અને આર્થિક સહયોગનો છે.
- આ ઉદ્દેશની પૂર્તિ માટે 6 જૂન, 1997ના રોજ "બેંગકોક ઘોષણા પત્ર" અંતર્ગત બિમ્સ્ટેકની સ્થાપના કરવામાં આવી હતી.
- તેનું વડુંમથક બાંગ્લાદેશના ઢાકા ખાતે આવેલું છે.
- બિમ્સ્ટેકના કુલ સાત સભ્ય દેશો છે. જેમાં ભારત, બાંગ્લાદેશ, ભૂટાન, મ્યાનમાર, નેપાળ, શ્રીલંકા અને થાઈલેન્ડનો સમાવેશ થાય છે.
- બિમ્સ્ટેકના સભ્ય દેશોની વસતી 1.3 અબજ છે, જે વિશ્વની કુલ વસતીના 21% છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT